બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# દાઉદ ભરવાડ છોકરો




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Lazarus

અનુકૂલન : Ruth Klassen

Alastair Paterson

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી



નિર્માતા : Bible for Children

www.M1914.org

BFC

PO Box 3

Winnipeg, MB R3C 2G1

Canada



©2020 Bible for Children, Inc.

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.




ઘણા વર્ષો પહેલાં શાઉલ રાજાના સમયમાં એક છોકરો જેનું નામ દાઉદ હતું. તે તેના પિતાના ઘેટા ચારવા માટે તે તેના સાત ભાઈઓને મદદ કરતો હતો. જો કે દાઉદ સૌથી નાનો હતો, છતાં તે મજબૂત અને નિડર છોકરો હતો. જે ઈશ્વર પર ખૂબ જ પ્રેમ અને ભરોસો રાખતો હતો. તે બેથલેહેમ નામે એક નગરમાં રહેતો હતો.



એક દિવસે એક સિંહે પોતાના ભોજન માટે તેના ટોળામાંથી એક નાનું હલવાન ઝૂંટવી લઈ જવા પ્રયત્ન કર્યો. આ જુવાન દાઉદે હુમલાખોર પર હુમલો કર્યો. પોતાના હલવાનને ખેંચી લઈને તે જાનવરને તેની મૂછોમાંથી પકડીને તેને ઠાર મારી નાંખ્યો. દાઉદને ખબર હતી કે ઈશ્વરે તેને મદદ કરી હતી.



3

શમૂએલ જે ઈશ્વરનો પ્રબોધક હતો તેને નિરાશા હતી કે રાજા શાઉલે ઈશ્વરને નિષ્ફળ બનાવ્યા હતાં. “તું હજુ આ શાઉલ માટે કેટલો બધો શોક કર્યા કરીશ.” ઈશ્વર શમૂએલને બોલી ગયા. “હું તને યિશાઈ પાસે મોકલુ છું કારણ કે મેં મારા માટે તેના દીકરાઓમાંથી એક રાજા થવા માટે પસંદ કર્યો છે. યિશાઈ દાઉદના પિતા હતાં.”



4

શમૂએલને ખબર હતી કે શાઉલને જો ખબર પડે તો તે તેને મારી નાખી શકે છે. તેમ છતાં તે ઈશ્વરને આધિન થયો.



5



જ્યારે શમૂએલ આવ્યો ત્યારે યિશાઈએ પોતાના સાત દીકરાઓને શમૂએલ આગળથી પસાર થવા દીધા. અને શમૂએલે યિશાઈને કહ્યું કે આમાં કોઈને ઈશ્વરે પસંદ કર્યો નથી. એટલે કે હવે ફક્ત દાઉદ જ બાકી રહ્યો હતો. તે ઘેટા ચરાવવા માટે ગયો હતો. તેઓ દાઉદને બોલાવી લાવ્યા. અને દેવ યહોવાહે કહ્યું, “ઊભો થા, અને આ વ્યક્તીને અભિષિક્ત કર કારણ કે આ તે જ છે.”

6



શાઉલના મહેલમાં, ઈશ્વરનો આત્મા તેની પાસેથી જતો રહ્યો અને તેથી તે ખૂબ જ દુઃખી વ્યક્તિ બની ગયો. તેના ચાકરોએ વિચાર્યું કે કદાચ સારું સંગીત તેની સમસ્યાનું હલ બની શકશે. તેઓમાંથી એકને ખબર હતી તે વ્યક્તિ કોણ હોય? હા, દાઉદ.

7

દાઉદના સંગીતે શાઉલને સાજો અને વ્યવસ્થિત રીતે વિચારમાં મદદ કરી. શાઉલે યિશાઈને કહ્યું કે, દાઉદને રાજાની સેવામાં રહેવા દે. જ્યારે જ્યારે શાઉલ પર નિરાશાનો કે ડરનો હુમલો થયો ત્યારે દાઉદ પોતાની વીણા વગાડતો. આ બાબતે શાઉલને મદદ કરી.



8

દાઉદ ઘરે ગયા પછી, પલિસ્તીઓ સાથે શાઉલને મોટું યુદ્ધ થયું. દાઉદના ભાઈઓ શાઉલના સૈન્યમાં કાર્ય કરતા હતાં. યિશાઈએ પોતાના દીકરા દાઉદને પોતાના ભાઈઓ જેઓ યુદ્ધને મોખરે હતા, તેમને માટે ભોજન લઈ જવા તથા તેમની ખબર લાવવા માટે મોકલ્યો.



9

એ મોટો પલિસ્તી રાક્ષસી વ્યક્તિ. ગોલયાથ જેણે ઈસ્રાએલના લોકોને ડરાવી દીધા હતાં.



10

"તમારામાંથી એક માણસને પસંદ કરો અને તેને મારી સામે આવવા દો." ગોલયાથે ઘાંટો પાડ્યો. "જો તે મારી સામે લડવાને સમર્થ છે અને મને મારી નાંખશે તો અમે તમારા દાસો થઈશું. પણ હું તેને મારી નાખું તો તમે મારા દાસ થશો અને અમારી સેવા કરશો." ઈસ્રાએલના બધા માણસોએ તેને જોયો ત્યારે તે તેનાથી દૂર ભાગીને ગભરાઈ ગયાં.



11

ત્યારબાદ દાઉદે શાઉલને કહ્યું કે, "આ વ્યક્તિના લીધે કોઈ પણ વ્યક્તિનું હૃદય વ્યાકુળ થવું ન જોઈએ." તમારો આ સેવક જશે અને આ પલિસ્તી સામે લડશે. શાઉલ ઈચ્છતો હતો કે દાઉદ તેનું બખ્તર પહેરે અને તેની તલવાર લઈને જાય. તેના બદલે દાઉદે તેની ગોફણ લીધી અને નાળામાંથી પાંચ સુંવાળા પથ્થર વીણી લીધા.



12

ગોલીયાથે જ્યારે આ જુવાન છોકરાને જોયો કે જેણે બખ્તર પહેરેલુ ન હતુ ત્યારે તેને જોઈને તે હસ્યો. "હું તારું માંસ આકાશના પંખીઓને અને જંગલી જનાવરોને આપીશ." તે ઘુરક્યો "હું યહોવા દેવના નામમાં તારી પાસે આવું છું." દાઉદે જવાબ આપ્યો. "આજે ઈશ્વર તને મારા હાથમાં સોંપી દેશે... કારણ કે લડાઈ યહોવા દેવની છે!"



13

ત્યારે દાઉદ ઉતાવળે ગોલીયાથને મળવાને ચાલ્યો. જ્યારે તે દોડ્યો ત્યારે તેણે પોતાની ગોફણમાંથી એક પથ્થર વીંઝીને ગોલીયાથના કપાળ પર માર્યો. ગોલીયાથ ત્યાં ગબડી પડ્યો.



14

દાઉદે ઝડપથી ગોલીયાથની મોટી તલવાર કાઢી અને તેનું માથું ધડથી જુદુ કરી દીધું. જ્યારે પલિસ્તીઓએ જોયું કે ગોલીયાથ મરી ગયો છે ત્યારે તેઓ પોતાનો જીવ બચાવવા દોડ્યાં.



15

શાઉલને યાદ નહોતું કે આ એ જ દાઉદ છે કે જેણે તેને વીણાથી સાજો કર્યો હતો. તેણે દાઉદને પોતાના સૈન્યનો વડો બનાવ્યો. પણ જ્યારે લોકોએ તેના વિજય બદલ તેની વધુ પ્રસંશા કરી ત્યારે શાઉલને ઈર્ષ્યા આવી. “હવે તેને મારા રાજ્ય કરતાં વધારે શું જોઈએ? ” શાઉલે વિચાર્યું. તેથી તે દિવસથી શાઉલે દાઉદને ધ્યાનમાં રાખ્યો.



16

ફરીથી શાઉલના દિમાગમાં સંકટો શરૂ થઈ ગયા. અને જ્યારે દાઉદે પોતાની વીણા વગાડીને તેને સાજો કરવા પ્રયત્ન કર્યો. પણ શાઉલે ત્રણ વાર તેના પર પોતાનો ભાલો મારીને ભીંત સાથે ચોંટાડી દેવા માટે પ્રયત્ન કર્યા. પણ દર વખતે દાઉદ છટકી ગયો. શાઉલ દાઉદથી બીતો હતો કારણ કે ઈશ્વર તેની સાથે સાથે હતો, જ્યારે તે શાઉલ પાસેથી જતો રહ્યો હતો.



17

પણ શાઉલનો પુત્ર યોનાથાન, દાઉદ પર પોતાના ભાઈ સમાન પ્રેમ રાખતો હતો. “મારો પિતા તને મારી નાંખવાને ચાહે છે.” તેણે દાઉદને ચેતવણી આપી. તેથી દાઉદ તેની પાસેથી ભાગી છૂટ્યો. દાઉદની પત્નીએ જૂઠુ પૂતળું બનાવીને ખાટલામાં સૂવાડી દીધું અને દાઉદ પોતાના ઘરની બારીમાંથી નીકળીને ભાગી ગયો. જ્યારે શાઉલના માણસો સવારે આવ્યા ત્યારે દાઉદ જતો રહ્યો હતો.



18

દાઉદ શાઉલની જગ્યાથી દૂર ભાગી ગયો. તે ત્યાંથી નીકળી ગયો તે પહેલા તેણે તથા યોનાથાને એક કરાર કર્યો. તેઓએ એકબીજાને વચન આપ્યું કે તેઓ એકબીજાને મદદ કરશે. દુ:ખી થઈને બંને મિત્રોએ એકબીજાને આવજો કહી દીધા. દાઉદ એની જગ્યાની શોધમાં નીકળી ગયો કે જ્યાં શાઉલ કે તેના સૈનીકો તેને શોધી શકે નહીં.



19

દાઉદ ભરવાડ છોકરો

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧ શમુએલ ૧૬-૨૦

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

20




19 60



આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો,
ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી
છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ
પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા
પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા,
તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા
માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬